સરકારી વાહનોને રદબાતલ કરવા અંગેના નિયમો

બાબત

ગુજરાત સરકાર

ગૃહવિભાગ

ઠરાવ : ક્રમાંક : જીટીએસ-૧૦-૨૦૦૧-૩૦૨૬-ઘ

સચિવાલય, ગાંધીનગ

તારીખ ૭-૧૨-૦૨

વંચાણમાં લીધા :

૧. બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તા.૧૨-૧૧-૮૭ના ઠરાવ ક્ર: જીટીએસ. ૨૬૭૮-૪૮૯૭-ડ.

૨. ગૃહ વિભાગના તા.૧-૨-૯૨, તા.૨૧-૪-૯૩ અને તા.૧૯-૮-૯૪ના ઠરાવ ક્રમઃ જીટીએસ-૧૦૮૯-૪૦૧-ચ.

૩. ગૃહ વિભાગના તા.૭-૯-૯૯ના પરિપત્ર ક્ર: જીટીએસ-૧૦૯૯-૧૭૪૩-ઘ.

૪. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૮-૧૦-૦૨ના પત્ર ક્ર: સચબ-૧૦-૨૦૦૨-(૧૮) કેયુ.

ઠરાવ :

રાજ્ય સરકારની માલિકીના સરકારી વાહનોને રદબાતલ કરવા - નિકાલ કરવા સંબંધમાં ઉપર આમુખમાં ક્રા:૧ થી ૩માં દર્શાવેલ ઠરાવ / પરિપત્રથી નિયમો / કાર્યવાહી નિયત કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત નિયમોની જોગવાઈમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાના અંતે ઉપર્યુક્ત નિયમોમાં નીચે મુજબના સુધારા કરવાનું સરકારશ્રીએ આથી ઠરાવેલ છે.

(અ) વાહનને રદબાતલ કરવાની સત્તા સોંપણી :

૧. જે વાહને વાહનને રદ બાતલ કરવા માટેના હાલના નોર્મ્સ (ધોરણ) પ્રમાણે નિયત- ઉપયોગના : બે લાખ કિલોમીટર અને નિયત આયુષ્યના દસ વર્ષ પુરા કરેલ હોય તેવા વાહનને જે તે કચેરીના વડા રદબાતલ કરી શકશે.

૨. જે વાહનને રદબાતલ કરવા માટેના હાલના નોર્મ્સ (ધોરણ) પ્રમાણિત નિયત ઉપયોગના બે લાખ કિલોમીટર પુરા કરેલ હોય પરંતુ નિયત આયુષ્યના દસ વર્ષ પુરા કરેલ ન હોય તેવા વાહનને સંબંધિત કચેરી ખાતાના વડા રદ બાતલ કરી શકશે.

૩. ઉપર દર્શાવેલ પ્રસંગો સિવાયના અર્થાત રદબાતલ કરવા માટેના હાલના નોર્મ્સ (ધોરણ) નિયત ઉપયોગના બે લાખ કિલોમીટર અને નિયત આયુષ્યના દસ વર્ષ પુરા કરેલ ન હોય અને આમ છતાં વાહનને રદબાતલ કરવાની જરૂરિયાત ઉભી થાય તો તેવા પ્રસંગે નર્મદા જળસંપત્તિ અને અથવા માર્ગ અને મકાન વિભાગના યાંત્રિક વિભાગના અધિક્ષક ઇજનેર (મીકેનીક ડીવીઝનલ સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયર)નો અભિપ્રાય મેળવીને આવા વાહનને સંબંધિત વહીવટી વહીવટી વિભાગના વડા (સચિવશ્રી ) રદબાદલ કરી શકશે.

(બ) વાહનની અપસેટ કિંમત અને નિકાલ બાબત :

૧. રદબાતલ કરવામાં આવેલ વાહનની અપસેટ કિંમત હાલની પદ્ધતિ મુજબ નક્કી કરવાની રહેશે. અને આવી અપસેટ કિંમત જે તે કચેરીના વડા તથા જે તે જિલ્લાના નર્મદા જળસંપત્તિ વિભાગ અને અથવા માર્ગ અને મકાન વિભાગના સેક્સન અધિકારીઓએ (જુનિયર એન્જીનીયર)સંયુક્ત રીતે નક્કી કરવાની રહેશે.

૨. રદબાદલ કરવામાં આવેલ વાહનના નિકાલ માટે વાહનનીહરાજીની કાર્યવાહી સંબંધિતકચેરીના વડાએ કરવાની રહેશે. આ માટે એક સ્થાનિક છાપામાં ટચુકડી જાહેરાત આપી તેમજ કચેરીનાનોટીસ બોર્ડ ઉપર મુકી બંધ કવરમાં ભાવ મંગાવવા થવા જાહેર હરાજીથી વાનનો (રદબાતલ કરવાના રહેશે) નિકાલ કરવાનીરહેશે.

અપસેટ કિંમતથી વધુ ભાવ આવે ત્યારે ભાવ મંજુર કરવાની સત્તા કચેરીનાવડાની રહેશે.

જે કેસમાં અપસેટ કિંમતથી નીચી બીડ મળે તેવા કેસમાં એકવાર ફરી ટચુકડી જાહેરાત આપવી અનેબીજા જાહેરાત આપવા છતાં જો અપસેટ કિંમતથી નીચી બીડ મળે તો તે બીડ મંજૂર કરવાની સત્તા પણ કચેરીના વડાની રહેશે.

આ રીતે થયેલા વેચાણની જાણ કચેરીના વડાએ ખાતાના વાડને કરવાની રહેશે. રદબાતલ કરવામાં આવેલ વાહનની આ રીતે વધુમાં વધુ દિવસ-૬૦ (સાઈઠ)માં નિકાલ કરવાનો રહેશે.

ઉપર્યુક્ત જોગવાઈઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવાનીજવાબદારી સંબંધિત વહીવટી વિભાગની રહેશે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેના નામે,

(એસ.એમ. ચુનારા)
નાયબ સચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગુ.રા.ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીનાઅગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી/ઉપાધ્યાક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી/સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનરગ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગુ.રા.ગાંધીનગર.
- સચિવશ્રી સીવીલ સર્વિસ ટ્રીબ્યુનલ, ગુ.રા.ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સર્વે સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયર યાંત્રિક વર્તુળ, માર્ગ અને મકાન વિભાગ.
- સર્વે સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયર યાંત્રિક વર્તુળ સિંચાઈ વિભાગ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
- પગાર અને હિસાબો અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સચિવાલયના સર્વે વિભાગો (પાંચ નકલ)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સર્વે નાણાંકીય સલાહકારશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
- શાખા સીલેક્ટ ફાઈલ
- મદદનીશ ડીટેકટ ફાઈલ
- નાયબ સેક્શન અધિકારી, સીલેક્ટ ફાઈલ